ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૩ ટકા

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર ગામના પાટીયા પાસે આવેલ રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલનો ૪થો વાર્ષિકોત્સવ 'એજયુકેશન' થીમ પર આજે ટાઉનહોલ ખાતે બપોરે ૩.૦૦ કલાકે યોજાયો હતો. જેમાં રંગોલી સ્કુલમાં નર્સરીથી ધોરણ-૯ સુધીમાં અભ્યાસ કરતા ૨૭૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ ૧૬ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી. આ બાળકો દ્વારા રજુ થયેલી કૃતિઓ નિહાળીને ટાઉનહોલમાં હાજર વાલીઓએ તાળીઓના ગડગડાટથી નાના ભૂલકાઓને વધાવી લીધા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે બપોરના સુમારે રંગોલી ઈન્ટરનેશનલ શાળાનો વાર્ષિકોત્સવ 'એજયુકેશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રંગોલી ગ્રુપના ચેરમેન પ્રહર અંજારીયા, રંગોલી ગ્રુપના ડાયરેકટર અનામિકા અંજારીયા, પ્રણવ સોની-ટ્રસ્ટી, કૃષ્ણકાંત જહા (ગાંધીનગર સમાચારના તંત્રી), રીન્કેશ પટેલ (મહેસાણા રંગોલી કેમ્પસ ડાયરેકટર), ડૉ. વૈભવ પટેલ (પગરવ હોસ્પિટલ મેડીકલ ડાયરેકટર), રાજેન્દ્ર માલવાલ (ભગવતી ઈન્ટરનેશનલ સ્કુલ પાટણના પ્રિન્સીપાલ)ના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શાળા પરિવાર દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું. શાળાના વિદ્યાર્થીઓને અનુરુપ મહેમાનોએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ગુરુ વિનાનું જ્ઞાન નકામું છે જયારે આજનું શિક્ષણ પણ બાળક માટે નિર્ભય અને કિંમતી હોવુ જોઈએ પરંતુ તેની સાથે સાથે પ્રામાણિકતા, જવાબદારી અને વડીલો પ્રત્યે આદર-સન્માનના પાઠ પણ શાળામાંથી શિક્ષણની સાથે બાળકને શિખવાડવા જોઈએ. આજના જમાનામાં બાળકને ગમ્મત સાથે જ્ઞાન આપીને સરળતાથી શિખવાડવામાં આવે છે ત્યારે આજની 'એજયુકેશન' થીમ પર શાળાના ૨૭૦ જેટલા બાળકોએ શિક્ષણ પર ૧૬ જેટલી વિવિધ પ્રકારની કૃતિઓ રજુ કરી હતી. જયારે બાળકોની અદભુત કૃતિઓ જોઈ માતા-પિતાએ પણ તાળીઓથી વધાવી લીધા હતા. ટાઉનહોલ બાળકો અને વાલીઓથી ખીચોખીચ ભરેલો હતો. બાળક માટે શાળામાંથી મેળવેલું શિક્ષણ તો મહત્વનું છે જ પરંતુ શિક્ષણની સાથે સમાજ ઉપયોગી સંસ્કાર પણ જો શાળામાંથી આપવામાં આવે તો આજનું બાળક આવતીકાલનું ભવિષ્ય ઉજજવળ બનાવી શકે છે.






## @ગાંધીનગર

● કચ્છ મિત્ર મંડળ દ્વારા બાળકોને સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ ખીમજી વિશ્રામ હોલ કડી કેમ્પસ, સે-૨૩ ખાતે બપોરે ૩ કલાકે યોજાશે.

● રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન અને સ્નેહમિલન સમારોહ બપોરે ૧૨.૩૦ થી ૪.૦૦ કલાક દરમિયાન આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે.

● ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજની સામાન્ય સભા સવારે ૧૦.૦૦ કલાકે રામજી મંદિર, સે-૩ ખાતે યોજાશે.

● દાદા ભગવાન પરિવાર દ્વારા આપ્ત પુત્ર સત્સંગનું આયોજન સવારે ૯.૩૦ થી ૧.૩૦ દરમિયાન બલરામ ભવન, ઉમિયા મંદિર પાસે, સે-૧૨ ખાતે યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨૩ ખાતે અમૃત વર્ષા પ્રદર્શન સવારે ૧૦.૦૦ કલાકે ખુલ્લુ મુકાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ફિલ્મ નિર્માતા જગદીશ સોની દ્વારા ઠિંગણા વ્યકિતઓના જીવન આધારિત ફિલ્મ 'ગટ્ટુ માય ફ્રેન્ડ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ફેબ્રુઆરીમાં રિલિઝ થશે પરંતુ શનિવારે તેનું ફર્સ્ટ પોસ્ટર સોશ્યલ મિડિયા પર લોન્ચ કરવામાં આવ્યું હતું.

● શહેરના નવા સેકટરોમાં વાંદરાઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. બપોરના સમયે રહેણાંક વિસ્તારોમાં આવી કલાક સુધી ધમાલ મચાવતા વાંદરાઓના ટોળાને કારણે રહીશોમાં ડર ફેલાવા પામ્યો છે.

● દેશના ૩૫ રિસચર્સ બેલ્ક હોલ પર ચર્ચા કરશે 'બ્લેકહોલ અને ગુરુત્વાકર્ષણ તરંગો' વિષય પર આઈઆઈટી ગાંધીનગરમાં પાંચ દિવસિય વર્કશોપનો શહેરમાં પ્રારંભ થયો છે. જેમાં બ્લેક હોલ અને સ્પેસ સાયન્સ ક્ષેત્રે રિસર્ચ કરી રહેલા ઈન્ડિયન સાયન્ટિસ્ટે પોતાના વિચારો અને ફ્યુચર સાયન્સ વિશે નોલેજ શેરિંગ કર્યું હતું.

## ટાટા ચોકડીથી દારૂના વેપલાના ગુનામાં કોલવડાનો નાસતો ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) પી.આઈ. પરેશ સોલંકીની સુચનાથી તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી તબક્કાવાર તેમને પકડવા સક્રીય થાય છે ત્યારે એએસઆઈ જી.ડી. પરમારની ટીમે વધુ એક નાસતા ફરતા આરોપીને પકડી પાડયો છે. સેકટર-૨૧ પોલિસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબીશન એકટ કલમ ૬૫ ઈ, ૧૧૬ બી ને ૮૧ મુજબના ગુનામાં નાસતા ફરતા કોલવડાના દિગ્વિજય જશવંતસિંહ વાઘેલા નામના શખ્સને ચોકકસ બાતમીને આધાર ટાટા ચોકડી પાસેથી દબોચી લઈ એસઓજીની ટીમે તેની ધરપકડ કરી સે-૨૧ પોલિસને સોંપવા તજવીજ શરુ કરી છે.

## વલાદ નજીક કેનાલ પાસેથી રીવોલ્વર સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે રણાસણથી વલાદ તરફ જતા રોડ ઉપર નર્મદા કેનાલ પાસેથી રીવોલ્વર સાથે એક શખ્સને ટીમે દબોચી લીધો છે. રાજસ્થાનમાં ભીલવાડા જિલ્લાના ગરાડીયા ગામના પુરણનાથ મોહનનાથ (યોગી) નામના શખ્સની રીવોલ્વર સાથે ધરપકડ કરી ડભોડા પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી તેની ઉંડી પુછપરછ શરુ કરી છે.



## પ્રસુતા બાળકો માટે ગરમ વસ્ત્ર વિતરણનું સેવાકાર્ય હાથ ધરતું વસાહત મહામંડળ



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અરૂણોદય સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે શિયાળાની કડકડતી ઠંડીમાં વંચિતોને હૂંફ પુરી પાડવાનું સદકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ સદકાર્ય અંતર્ગત આજે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના પ્રસુતિ વિભાગ તથા બાળકોના વોર્ડમાં ડૉ. સીમા શાહના સહકારથી ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સિવિલ હોસ્પિટલના 'સી' વિભાગના તમામ વોર્ડ તથા બાળકોના વિભાગમાં સંસ્થાના અગ્રણીઓ અરૂણ બુચ, નિલેન્દુ વોરા, બી.એ. શુકલ, સીતારામ પટેલ, સુધીર દેસાઈ અને મીરાબેન મેઘરાજાની વગેરેએ રૂબરૂ જઈ આ ગરમ વસ્ત્ર વિતરણનું કાર્ય હાથ ધર્યુ હતું. આ કાર્યમાં ૨૦૦ જેટલી વ્યકિતઓને સેવા પુરી પાડવામાં આવી હતી. જે માટે આર્થિક યોગદાન સ્વ. રજનીભાઈ બુચના પુત્ર દર્પણ બુચ દ્વારા પુરું પાડવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા હજુ પણ સિવિલ હોસ્પિટલમાં જરૂરિયાતમંદોને ગરમ વસ્ત્ર વિતરણની સેવા પુરી પાડવામાં આવનાર છે.

## આજે ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શ્રી ગાંધીનગર શહેર સુવર્ણકાળ મંડળ દ્વારા વાર્ષિક સ્નેહ સંમેલન તથા સાધારણ સભા અને મેડિકલ ચેક-અપ - નિદાન કેમ્પનું આયોજન તા. ૧૭ ડિસેમ્બર ને રવિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, આલમપુર, ચિલોડા હાઈવે, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. સૌ જ્ઞાતિજનોને સમારોહમાં સપરિવાર ઉપસ્થિત રહેવા શ્રી ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળ વતી પ્રમુખ વસંતભાઈ સોનીએ આમંત્રણ પાઠવ્યું છે.

## આજે સોમનાથ મંદિર ખાતે પરશુરામદાદાની ૫૦મી મહાઆરતીની ઉજવણી થશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૧ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર ખાતે દર રવિવારે પરશુરામ દાદાની મહાઆરતીનું પવિત્ર કાર્ય થઈ રહ્યું છે ત્યારે આગામી તા. ૧૭ ડિસેમ્બરને રવિવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે બ્રહ્મભવન સે-૧૬ ખાતે મહાઆરતી થશે. આ શુભકાર્યમાં અતિથિ તરીકે શિવ કથાકાર ડૉ. લંકેશ બાપુ તથા માલવ પંડિત ઉપસ્થિત રહેશે.

મહાદેવની દયા અને પરશુરામ દાદાના આશીર્વાદથી ભુદેવ સંગઠનને પ્રબળ બનાવવા દર રવિવારના રોજ પરશુરામ દાદાની મહાઆરતીનું આયોજન કરવામાં આવે છે. મહાઆરતીની ૫૦મી ઉજવણી પ્રસંગે આગમન સાંજે ૫.૦૦ કલાકે, આરતી સાંજે ૭.૩૦ કલાકે, બ્રહ્મભોજન રાત્રે ૮.૦૦ કલાકે સે-૧૬ બ્રહ્મભવન ખાતે યોજાશે. આ મહાઆરતીમાં શહેરના સૌ ભુદેવ ભાઈઓને હાજર રહેવા જણાવાયું છે.

## રણાસણ સર્કલ પાસેથી દારૂની બોટલોનો થેલો ભરીને જતો ખેપીયો પકડાયો

ગાંધીનગર, તા.૧૬

ડભોડા પીએસઆઈ એલ.એસ. ચૌધરીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન રણાસણ રીંગ રોડ પર રણાસણ સર્કલ પાસેથી એક શકમંદ ઉભેલો જોવા મળ્યો હતો. થેલો લઈને ઉભેલા શખ્સ ઉપર શંકા જતા ડભોડા પોલીસની ટીમે તેને પકડીને થેલો ચેક કરતાં થેલામાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. ૮ બેગ પાઈપર લઈને જતા આ ખેપીયાની ધરપકડ કરી લઈ ડભોડા પોલિસે રૂ. ૬૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આ શખ્સ કયાંથી બોટલો લાવ્યો અને કયાં લઈ જતો હતો તે સહિતની પુછપરછ શરુ કરી છે.



## શહેરમાં ઘરનોકરની અનિયમિતતાઓ સામે રોષ

**વાસણ, કપડાં, કચરા-પોતુ વગેરે કામ કરવાના મોં માગ્યા દામ છતાં અનિયમિતતા : કહ્યા વગર વતન જવું રહેવું તે રામલાઓની કુટેવ : ગૃહિણી એસોસીએશન બનાવવા ચાલતી ચર્ચાઓ**

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં નોકરીયાત મહિલાઓ, ઘરમાં બિમારી હોય તે તેમજ કામ કરવા અશકત મહિલાઓ પર પ્રાંતમાંથી આવતા યુવાનોને ઘરના કામકાજ માટે રાખતી હોય છે. રામલા તરીકે ઓળખાતા આ યુવાનોને ઘરના કામકાજના મોં માંગ્યા દામ પણ આ ગૃહિણીઓ ચુકવતી હોય છે. છતાં પણ આ ઘરઘાટી ગણાતા રામલાઓ કામકાજમાં અનિયમિત રહે છે. અચાનક જ કામ પર ન આવી કહ્યા વગર વતન પલાયન થઈ જવું તે આ લોકોની ફિતરત બની જતાં ગૃહિણીઓ હેરાન પરેશાન બની ગઈ છે. રખડી પડતાં ઘરના કામની ચિંતા થકી નોકરીયાત મહિલાઓને રજા મુકવી એ મજબૂરી થઈ પડે છે જેથી પ્રસંગોપાત એકઠી થયેલી ગૃહિણીઓમાં એસોસીએશન બનાવવાની ચર્ચાઓ ઉભી થઈ છે.

શહેરમાં ઘરકામ બાબતે એક ચક્રી શાસન ચલાવતા આ પરપ્રાંતિય યુવાનોને કામ પ્રમાણે દામ આપવા છતાં ગૃહિણીઓને હેરાન કરતા હોવાની બુમરાણ ચો તરફ ઉઠવા પામી છે. અનિયમિત હોવા છતાં નકક્કી કરેલ કામની રકમમાં કપાત ન કરી શકાય તે પ્રકારે પ્રવૃત્તિ કરતાં હોય છે જેથી કંટાળેલી ગૃહિણીઓએ એક એસોસીએશન બનાવી તમામ નિર્ણયો અને નિમણુંક એસોસીએશન મારફતે થાય તેવું આયોજન કરવા વિચારણા હાથ ધરેલ હોવાનું અંદરખાને જાણવા મળ્યું છે.

## આજે સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે 'અમૃતવર્ષા પ્રદર્શનમ્'નું ઉદઘાટન

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં ઉજવનારા અમૃતવર્ષા મહોત્સવ અંતર્ગત "અમૃત વર્ષા પ્રદર્શનમ" પ્રદર્શનનું ઉદઘાટન આજે સવારે ૧૦:૦૦ વાગ્યે પૂ.શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાજીની ઉપસ્થિતિમાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાના વરદ હસ્તે થશે. તા. ૨૫/૧૨/૨૦૧૭ સુધી ચાલનારા આ પ્રદર્શનમાં ૫૫૦૦ સ્કવેરફીટમાં પથરાયેલ ભારતનો નકશો અને તેના ઉપર પૌરાણિક મંદિરોના આબેહૂબ મોડલ ઉપરાંત વિવિધ દેશોના ચલણી સિક્કાઓ, સત્સંગીઓ દ્વારા તૈયાર કરાયેલ કલાકૃતિઓ, હિમાલય દર્શન, વિડિઓ નિદર્શન, ગ્રામ્યવિભાવના વગેરે આકર્ષણના મુખ્ય કેન્દ્રો રહેશે.

સમગ્ર પ્રદર્શન મંદિરના સંતોના માર્ગદર્શન મુજબ સત્સંગીઓ દ્વારા જ તૈયાર કરવામાં આવેલ છે, તો ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ પ્રદર્શનનો લાભ લેવા ઉત્સવ સમિતિ વતી શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામી દ્વારા જણાવાયુ છે.

# ગાંધીનગરના યુવાનોની સાચી "થર્ટી ફર્સ્ટ" એટલે "ઉજવણી-૨૦૧૭"

**સતત ત્રીજા વર્ષે શહેરના તમામ દિવ્યાંગ તથા સ્પેશીયલ બાળકો ઉપરાંત વૃધાશ્રમના વડીલોને સંકલી લેતો અનોખો કાર્યક્રમ યોજાશે**

ગાંધીનગર, તા.૧૬

વર્ષ ૨૦૧૭ હવે ગણતરીના દિવસોમાં પૂર્ણ થશે અને વર્ષ ૨૦૧૮ના નુતન વર્ષનો પ્રારંભ થશે. નુતન વર્ષના આગમન પહેલા વીતી રહેલા વર્ષને હર્ષોલ્લાસથી વિદાય આપવા "થર્ટી ફર્સ્ટ"નો તહેવાર ઉજવાય છે, જો કે હવે આ તહેવારમાં યુવાનો માત્ર મોજ-મસ્તી કરવી, પાર્ટી કરવી, નશો કરવો અને નશામાં મદમસ્ત બનીને ઘોંઘાટમાં બેફામ નાચવું-કૂદવું જેવી હરકતોને "થર્ટી ફર્સ્ટ"ની ઉજવણી સમજે છે. આ સંજોગોમાં ગાંધીનગરમાં કેટલાક સેવાભાવી યુવાનો સાથે મળીને છેલ્લા ત્રણ વર્ષથી એવી ઉજવણી કરે છે જે આજની પેઢી માટે અનુકરણીય ઉદાહરણરૂપ છે.

હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા આ વર્ષે પણ આગામી તા. ૩૧મી ડિસેમ્બરના રોજ "ઉજવણી-૨૦૧૭" કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સતત ત્રીજા વર્ષે શહેરની વિવિધ સંસ્થાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો અને સ્પેશીયલ ચિલ્ડ્રન હોમના બાળકોનો ટેલેન્ટ શો યોજાશે. આ બાળકોમાં રહેલી પ્રતિભાને મંચ પૂરું પાડવા સાથે શહેરના યુવા વર્ગમાં "થર્ટી ફર્સ્ટ"ની સાચી ઉજવણીનું રચનાત્મક ઉદાહરણ પ્રસ્તુત કરી યુવા ધનને યોગ્ય માર્ગે વળવાનો સંદેશ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના વૃદ્ધાશ્રમના વડીલોને પણ નિહાળવા ખાસ ઉપસ્થિત રાખવામાં આવશે તેમજ તમામ દિવ્યાંગ બાળકો, સ્પેશીયલ ચિલ્ડ્રન, વડીલો અને શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરીયાતમંદ વર્ગના બાળકો મળીને ૧૫૦૦ વ્યક્તિઓને ભોજન કરાવી તેમના ચહેરાં પર ખુશીનું સ્મિત રેલાવવા કોશિષ કરાશે. આ કાર્યક્રમ હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા આપણું ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, ગૂંજ ફાઉન્ડેશન, થીંક પોઝીટીવ, ઈન્ટરેશન ટેકનોલોજી અને શ્યોર પેથોલોજી લેબના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં શહેરની આશરે ૧૨ સંસ્થાઓના દિવ્યાંગ બાળકો જેમાં મૂક-બધીર, પ્રજ્ઞાચક્ષુ, માનસિક વિશેષ, વિકલાંગ તથા અનાથ અને સ્પેશીયલ ચિલ્ડ્રન હોમના બાળકોનો સમાવેશ કરાયો છે, આ બાળકો કાર્યક્રમમાં સિંગિંગ, ડાન્સ, ગરબા સહિતના નયનરમ્ય અને મનોરંજક પરફોર્મન્સ આપશે. તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ ટ્રોફી આપી પ્રોત્સાહિત કરાશે. આ કાર્યક્રમના અંતે તમામ બાળકો અને વડીલોને ભોજન કરાવાશે. જેમાં ડ્રાયફ્રુટ હલવો, સેન્ડવીચ ઢોકળા, છોલે-પૂરી અને પુલાવ સહિતની વાનગીઓ સાથેનું પાક્કું ભોજન કરાવાશે. કાર્યક્રમનો ઉદ્દેશ માત્ર આ બાળકો તથા વડીલોને પણ "થર્ટી ફર્સ્ટ"ની ઉજવણીનો આનંદ અપાવી તેમના ચહેરાં પર સ્મિત રેલાવવા ઉપરાંત શહેરના યુવાનોને "થર્ટી ફર્સ્ટ"ની સાચી ઉજવણીનો મહીમા સમજાવવાનો છે, આ કાર્યક્રમ માત્ર સેવાના ભાવથી આયોજિત કરાયો હોઈ તેમાં દાન આપી આ સદકાર્યમાં સહભાગી બનવા શહેરના દાતાઓને હાકલ કરવામાં આવે છે. કાર્યક્રમને આપેલી દાનની રકમ દાતાઓ માટે આવકવેરાની કલમ ૮૦જી હેઠળ કરમુક્ત છે તેની નોંધ લેવા દાતાઓને સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**: દાન આપવા માટે સંપર્ક કરવો :**

- હેપ્પી ટુ હેલ્પ – મો.નં. ૮૩૪૭૮ ૮૭૯૮૮
- આપણું ફાઉન્ડેશન – મો.નં ૯૦૩૩૫ ૯૦૯૧૬
- હેપ્પી યુથ ક્લબ – મો.નં. ૯૯૨૪૪ ૪૬૬૪૫
- પેટીએમ કરવા માટે- મો.નં. ૭૦૧૬૯૮૧૪૫૧

## ચિરવિદાય

- સ્વ. કૃતિકાબેન કિરીટભાઈ દેસાઈ, ઉ.વ. ૨૬
- સ્વ. જીવતીબેન ગાંડાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. હંસાબેન રાજેશભાઈ પરમાર, ઉ.વ. ૩૭
- સ્વ. કાન્તીલાલ વિઠ્ઠલદાસ ભાવસાર, ઉ.વ. ૭૪
- સ્વ. ભરતભાઈ કાન્તીલાલ પટેલ, ઉ.વ. ૪૭
- સ્વ. પૂજાબેન રમણજી ઠાકોર, ઉ.વ. ૨૨